વાપી શહેરના મુખ્ય 10 રૂટ પર 20 સિટી બસથી હમણાં તો આ બસ સેવા શરૂ કરવામાં આવી

વાપીમાં સિટી બસ સેવાનો આરંભ

વાપીના 11 ગામો સુધી બસ પહોંચશે હાઇવે પરના પ્રવેશદ્વાર સુશોભિત કરવામાં આવશે

શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ સિટી બસને લીલીઝંડી આપી વિધિવત આરંભ કરાવ્યો હતો

વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા શનિવારે રેલવે સ્ટેશન પાસેથી સિટી બસ સેવાનો આરંભ કર્યો હતો. આ વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં તથા શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં આ બસ સેવાનો આરંભ કરવામાં આવ્યો હતો. કનુભાઇ દેસાઈએ સિટી બસને લીલીઝંડી આપી તેનો વિધિવત આરંભ કરાવ્યો હતો. વાપી શહેરના મુખ્ય 10 રૂટ પર 20 સિટી બસથી હમણાં તો આ બસ સેવા શરૂ કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકા દ્વારા પીપીપી ધોરણે આ સિટીબસ સેવા શરૂ કરી છે.

તેનાથી સામાન્ય નાગરિકોને ઓછા ભાડામાં મનપાના કોઈ પણ વિસ્તાર સુધી પહોંચવામાં સરળતા રહેશે.નાણામંત્રી કનુભાઇ દેસાઈએ નવી સિટીબસોને લીલીઝંડી બતાવીને આરંભ કરાવ્યો હતો. નાણામંત્રી કનુભાઇ દેસાઈએ જણાવ્યું હતું કે વાપી મહાનગરપાલિકા બન્યા બાદ ઝડપથી વિકાસના કામો થઇ રહ્યાં છે. બધી જ સુવિધાઓ ઉપલબ્ધ થઇ રહી છે.

ફક્ત 10 રૂપિયાના ભાડામાં લોકો મુસાફરી કરી શકશે. વાપીના 11 ગામો સુધી બસ પહોંચશે.વાપી હાઈવે પરના પ્રવેશદ્વાર સુશોભિત કરવામાં આવશે.

ટૂંકા અંતર માટે રૂપિયા 5 અને લાંબા અંતર માટે રૂપિયા 10 ભાડુ નક્કી કરાયું

મનપાના કમિશનર યોગેશ ચૌધરીએ જણાવ્યું હતું કે સિટી બસની સાથે વાપીના પ્રવેશદ્વારોને સુશોભિત બનાવામાં આવશે. વાપીમાં 20 સિટી બસોનો શનિવારથી થયો છે. જેના ભાડા માટે જણાવ્યું હતું કે, ટૂંકા અંતર માટે રૂ. 5 અને લાંબા અંતર માટે મહત્તમ રૂ.10 ભાડુ નક્કી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વાપી શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઇ,વાપી વીઆઇએ પ્રમુખ સતિષભાઈ પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હર ઘર નલ યોજનાની જાહેરાતો પણ શાળા તરસી

ધરમપુરની પેણધા શાળામાં પીવાનું પાણી જ નથી

પીવાના પાણી માટે મીનરલ વોટરના જગ મૂકવામાં આવે છે પરંતુ ટોયલેટનું શું?

સ્થાયી પીવાના પાણીની સુવિધા શક્ય તેટલી વહેલી તકે ઉપલબ્ધ કરાવવાની ખાતરી

ગાંધીનગર : નવસારી અને વલસાડ જિલ્લાના સરકારી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. માત્ર વલસાડ જિલ્લાના ધરમપુરની માધ્યમિક શાળામાં પીવાના પાણીની સુવિધા નથી.

સરકાર દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલી હકીકત મુજબ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી, ગણદેવી, જલાલપોર, નવસારી, વાંસદા અને ખેરગામ તાલુકાની કોઈપણ સરકારી પ્રાથમિક અથવા માધ્યમિક શાળામાં પીવાના પાણીની સુવિધાનો અભાવ નથી.

વલસાડ જિલ્લામાં પણ વલસાડ, વાપી, પારડી, ઉમરગામ અને કપરાડા તાલુકાની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ હોવાનું સરકારે જણાવ્યું છે. જોકે, ધરમપુર તાલુકાની સરકારી માધ્યમિક શાળા પેણધામાં હાલ પીવાના પાણીની નિયમિત સુવિધા ઉપલબ્ધ નથી.

આ શાળામાં હાલ માટે મિનરલ પાણીના જગ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં, ત્યાં સ્થાયી પીવાના પાણીની સુવિધા શક્ય તેટલી વહેલી તકે ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી.

રોડ નિર્માણ સમયે ટ્રાફિક જામ

વલસાડમાં બેચર રોડના નિર્માણ સમયે ભારે વાહનો પર પ્રતિબંધનું જાહેરનામું જ બહાર ન પડાતાં રોજનું ટ્રાફિક જામ

વલસાડ : વલસાડમાં હાલ બેચર રોડ પર રોજ-બરોજ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ રહી છે. આ રોડને સિમેન્ટ કોંક્રિટનો બનાવવાનું કામ ચાલુ હોય અહીં હાલ એક જ ટ્રેક ચાલી રહ્યો છે. બીજા ટ્રેકનું કામ ચાલી રહ્યું છે. જેના કારણે લોકો પરેશાન થઇ ગયા છે. સાંજ થતાં જ મોટી-મોટી લક્ઝરી બસો ટ્રાફિક જામ કરી દેતા ભારે વાહનો પર પ્રતિબંધ માટેનું જાહેરનામું પડાય એ જરૂરી બન્યું છે.

વલસાડ ધરમપુર રોડ બાદ હવે માર્ગ મકાન દ્વારા સ્ટેટ હાઇવે ગણાતા બેચર રોડને કોક્રિંટનો બનાવવાનું કામ હાથ ધરાયું છે. એકબાજુનો આખો ભાગ બંધ કરી દેવાયો છે. જેના કારણે ટ્રાફિક એક જ ટ્રેક પરથી પસાર થાય છે. ધરમપુર રોડના નિર્માણ માટે જરૂરી ન હોય એવા ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો હતો. જેના કારણે ટ્રાફિકમાં રાહત મળી હતી. જોકે, બેચર રોડના નિર્માણ સમયે ટ્રાફિક પર રોક લગાવાઈ નથી. જેના કારણે અહીં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ રહી છે. અનેક ભારે વાહનો આવતા ટ્રાફિક જામ સર્જાય છે. તેમજ ટ્રાફિક ખુલ્લો પડતાં 10 મિનિટ જેટલો સમય બગડી જાય છે. જેના કારણે લોકો ત્રસ્ત થઇ ગયા છે.

આ રોડ પર મહત્તમ વેપાર ધંધા જ ચાલી રહ્યા છે. જેના કારણે ખરીદી કરવા આવતા તેમજ વેપારીઓ પણ આડેધડ પાર્કિંગ કરી રહ્યા છે. જેના કારણે પણ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હોય છે. પોલીસ પણ અહીં આખો દિવસ દોડી શકતી નથી. ત્યારે તેનો ઉપાય મોટા વાહનો પર પ્રતિબંધ જ હોય એવું લાગી રહ્યું છે.

લક્ઝરી બસો પર પ્રતિબંધ જરૂરી

વલસાડમાં આ રોડ પર ખાસ કરીને ખાનગી લક્ઝરી બસો આવતી હોય છે. તેઓ પેસેન્જરોને આ રોડ પરથી જ બેસાડતી હોય તેના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હોય છે. ત્યારે આવી ખાનગી લક્ઝરી બસોને સવારે 10 થી રાત્રે 10 વાગ્યા દરમિયાન શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ કરી દેવાય તો ટ્રાફિક જામની સ્થિતિમાં મોટી રાહત મળી શકે છે.

કેરી માર્કેટનો બીજો ગેટ ખોલાય તો ટ્રાફિક હળવો થઇ શકે

વલસાડ કેરી માર્કેટમાં આવતા વાહનો પણ આ જ માર્ગે આવે છે અને જાય છે. જો કેરી માર્કેટનો બીજી તરફનો ગેટ ખોલવામાં આવે તો નાનાથી લઇ મોટા વાહનો એક ગેટથી બીજા ગેટમાંથી બહાર નિકળી શકે છે. કેરી માર્કેટના વેપારીઓને પણ ટ્રાફિક જામથી રાહત મળી શકે અને તેમના વાહનોનું ભારણ પણ ઓછું થઇ શકે.

સંક્ષિપ્ત સમાચાર

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું ડાંગ જિલ્લામાં ભાવભર્યું સ્વાગત

ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાની બે દિવસની મુલાકાતે પધારેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનુ ડાંગ જિલ્લામા ભાવભર્યું સ્વાગત કરાયું હતુ. આહવા સર્કિટ હાઉસ ખાતે ડાંગ કલેક્ટર શાલિની દુહાને રામનાથ કોવિંદ તથા તેમના પરિવારજનોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. તે પૂર્વે વઘઇ પાસે આવેલા કુડકસ ગામે મારુતિ મંદિર ખાતે, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના બે દિવસીય પ્રવાસ કાર્યક્રમના લાયઝન ઓફિસર વ જિલ્લા વિકાસ અધિકારી કે.એસ. વસાવા અને પ્રાંત ઓફિસર કાજલ આંબલિયાએ મહાનુભાવોને આવકાર્યા હતા. આ વેળા 'ડાંગ પ્રયાગ, હનુમાન ચાંગ' ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ કાર્યના યજમાનો, દાતાઓ, તથા સેવાભાવી સ્વયંસેવકો, હનુમાનભક્તો, તથા ગ્રામજનો સહિત પી.પી.સ્વામીજી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રામનાથ કોવિંદ તેમના બે દિવસના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના બોરથડા, બેહડાનામાળ, ડોન, મુરમબારી, કોદમાળ, કલમવિહિર, ટોકરદહાડ, અને ઇસદર ખાતે નવનિર્મિત મારુતિ મંદિરની જાત મુલાકાત લઇ, દર્શન આરતી સાથે અહીંથી પૂરી પડાતી સામાજિક સેવાઓનો તાગ મેળવશે. કાર્યક્રમના અંતે તા.૧૫ મી માર્ચે ઇસદર ગામે આ તમામ મંદિરો (મંદિર ક્રમાંક : ૧૬૮ થી ૧૭૫ - આઠ મંદિરો) ના લોકાર્પણ સમારોહમાં હાજરી આપશે.

UNBના મેનેજમેન્ટમાં ચેરમેનપદે જિગ્નેશ બારીને ગોઠવવાનો વિવાદ

સાંસદને ગેરમાર્ગે દોરી જીગ્નેશ બારીને ચેરમેન બનાવવા અધિકારી ઉપર પોલિટિકલી પ્રેસર લાવવામાં આવી રહ્યાનો UIA ના માજી પ્રમુખના આક્ષેપથી ખળભળાટ

ઉમેશ સોલંકી

ઉમરગામ : સાંસદ ધવલ પટેલને ગેરમાર્ગે દોરી જીગ્નેશ બારીને ચેરમેન બનાવવા અધિકારી ઉપર પોલિટિકલી પ્રેસર લાવવામાં આવી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ UIA ના માજી પ્રમુખ નરેશ બંથિયાએ લગાવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA)ના માજી પ્રમુખ નરેશ બંથિયાએ જણાવ્યું હતું કે વર્ષો જૂની માંગણી બાદ 25 વર્ષ પછી તેમના પ્રમુખ પદના કાર્યકાળ દરમિયાન નોટિફાઇડ બોર્ડની રચના કરવામાં આવી હતી અને આ બોર્ડમાંથી સર્વગ્રાહી યોજનામાંથી પાંચ કરોડના કામો પણ એસ્ટેટમાં કરવામાં આવ્યા હતા. મારા રાજીનામા પછી બોર્ડમાં ચેરમેનના ખાલી પડેલા પદ માટે ઘણા રાજનીતિ કરી રહ્યા છે. નોટિફાઇડ બોર્ડમાં ચેરમેનનું પદ ખૂબ જ મહત્વનુ છે. તાજેતરમાં પ્રવિણ જૈન અને જીગ્નેશ બારી આ પદ માટે દાવેદાર ગણાય છે. આ પદ મેળવવા અને પર્સનલ એજન્ડા માટે અમુક લોકો રાજનીતિ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ધવલભાઇને સચ્ચાઈ ખબર પડશે ત્યારે તેઓ પણ આવા લોકોને સપોર્ટ કરશે નહી. તેમણે ધવલભાઈને જણાવ્યું હતું કે 16 માર્ચે બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક મળવાની છે. અમે અધિકારીને વિનંતી કરી છે કે 27 માર્ચે UIA ના બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી થવાની છે આ ચૂંટણી પત્યા બાદ નોટિફાઇડ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક બોલાવી ચેરમેનની નિમણૂક કરવાની માંગ કરી છે. ઉમરગામ નોટીફાઇડ એરીયા બોર્ડ ઓફ મેનેજમેન્ટમા દિપક ગુપ્તા, પ્રવિણ જૈન, પ્રશાંત થમન, તાહેર વોહરા, જીગ્નેશ આઈ બારી અને અજય શાહ, ઉદ્યોગપતિ તથા કાર્યપાલક ઇજનેર જીઆઇડીસી વાપી, ઉમરગામ અને પ્રાદેશિક મેનેજર જીઆઇડીસી વાપી આમ કુલ આઠ જણા છે. આમ આ ચૂંટણીમાં અધિકારીનું મહત્વ ખૂબ જ વધી જતું હોય સાંસદ ધવલ પટેલ મારફતે અધિકારીઓ ઉપર જીગ્નેશ બારીને ચેરમેન બનાવવા રાજનીતિ થઈ રહી હોય માજી યુઆઈએના પ્રમુખ નરેશભાઈએ નારાજગી વ્યક્ત કરી આક્ષેપો કર્યા હતા.

વાપી GIDCમાંથી બાઇક ચોરી કરનાર રીઢો ઝડપાયો

વાપી: વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચે વાપી GIDC પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોટર સાઈકલ ચોરીના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને ઇન્ચાર્જ પી.આઈ. એમ.પી. પટેલના માર્ગદર્શન હેઠળ LCBની ટીમે કામગીરી કરી છે. ચણોદ કોલોનીમાં રહેતા ૩૫ વર્ષીય આરોપી આશુતોષ ઉર્ફે શિવા ઉર્ફે શિવરાજ વિશંભર શાહી સામે ગુનો નોંધાયો હતો. LCBના એ.એસ.આઈ. અજયભાઈ ચૌધરીને મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસે જાળ બિછાવી આરોપીને દબોચી લીધો હતો. તપાસમાં ખૂલ્યું છે કે પકડાયેલ આરોપી અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે વર્ષ ૨૦૧૪માં અકસ્માત, ઘરેલું હિંસા અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ કામગીરીમાં પી.એસ.આઈ. જે.જી. વસાવા અને પેરોલ ફર્લો સ્કોડના સ્વપ્નીલ પટેલ સહિતની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપી મનપાની ચૂંટણી અંગે નાણાં મંત્રીના અધ્યક્ષ સ્થાને પ્રભારીએ બેઠક લીધી

વાપી : ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી તેમજ પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વાપી શહેર મંડળની આગામી મહાનગરપાલિકા ચૂંટણીના ઉપલક્ષમાં મહત્વની બેઠક યોજાઈ હતી. વલસાડ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લા દ્વારા મંડળ બેઠક લેવામાં આવી હતી. વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા દ્વારા વિષય લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં વાપી શહેર સંગઠનના હોદ્દેદારો, વાપી નગરપાલિકા ગત ટર્મના કોર્પોરેટરો, વાપી શહેર વિવિધ મોરચાના પ્રમુખ મહામંત્રીઓ, વાપી શહેર શક્તિ કેન્દ્રના સંયોજકો તેમજ શહેર મંડળના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અગ્રણીઓ વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ વાપીના સતિષભાઈ પટેલ, વલસાડ જિલ્લા મહામંત્રી નિખિલભાઇ ચોકસી, ગણેશભાઈ બિરારી, કમલેશભાઈ પટેલ, પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી તાલુકા ભાજપ પ્રમુખ સમય ભાઈ પટેલ, ચૂંટણી સંયોજક શિલ્પેષભાઇ દેસાઇ ઉપસ્થિત રહયા હતા.

આહવામાં હત્યાના પ્રયાસના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપી સુરતથી ઝડપાયા

ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષક પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ આહવા પોલીસ સ્ટેશનનાં પી.આઈ.આર.એસ.પટેલની ટીમે ઈંટોના ભઠ્ઠા પર મજૂરીના પૈસાની લેતી-દેતી બાબતે થયેલી બોલાચાલીમાં જીવલેણ હુમલો કરનાર ત્રણ આરોપીઓને ગણતરીના દિવસોમાં સુરત ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તારીખ ૧૦/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે આહવાના ઈંટના ભઠ્ઠા ઉપર મજૂરીના રૂપિયાના હિસાબ બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદી મહેશ પરમાર અને શૈલેષ પરમાર સાથે ઝઘડો કરી, શૈલેષભાઈના પેટમાં ચપ્પુનો ઘા ઝીંકી દીધો હતો. ગુનો દાખલ થયા બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આહવાનાં પોલીસ ઇન્સ્પેક્ટર આર.એસ.પટેલ અને પી.એસ.આઈ.એમ.એસ.રાજપૂતે અલગ-અલગ ટીમ બનાવી હ્યુમન સોર્સ અને ટેક્નિકલ એનાલિસિસની મદદથી પોલીસે ત્રણેય આરોપીઓ રાજુભાઇ ચુડાસમા (ઉ. ૨૦), અશ્વિન ચુડાસમા (ઉ.૨૩) અને રોશની ચુડાસમા (ઉ.૨૦) (તમામ રહે. ચોંડ, તા. આહવા)ને સુરતથી ઝડપી લીધા છે. અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચીખલી તાલુકા ભાજપ અગ્રણીની કિસાન મોરચામાં પ્રદેશ મંત્રી તરીકે નિયુક્તિ

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકા ભાજપ અગ્રણી આનંદ દેસાઇની કિસાન મોરચામાં પ્રદેશ મંત્રી તરીકે નિયુક્તિ થતા કાર્યકરોમાં આનંદની લાગણી ફેલાઇ જવા પામી છે.

તાલુકાના ખુડવેલ ગામના ખેડૂત અગ્રણી આનંદ દેસાઇ તાલુકા ભાજપના મહામંત્રી પદે બે ટર્મ ફરજ બજાવી હતી. આ ઉપરાંત જિલ્લા ભાજપના મહામંત્રી પદે તેઓ એક ટર્મ રહ્યા હતા. પક્ષમાં સતત સક્રિય રહેવા સાથે તેમને અન્ય રાજ્યમાં પણ વિધાનસભાની ચૂંટણીમાં તેમને જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત ગતટર્મમાં પણ સુરત જિલ્લા ભાજપના કિસાન મોરચાના પ્રભારી તરીકેની જવાબદારી નિભાવી હતી. આમ વર્ષોથી ભાજપમાં તાલુકા અને જિલ્લામાં સતત સક્રિય રહેવા સાથે અન્ય ચૂંટણીલક્ષી જવાબદારીઓમાં પણ તેઓ સફળ રહ્યા છે આનંદભાઈ દેસાઈની પક્ષમાં નિષ્ઠાપૂર્વકની ફરજ અને લો પ્રોફાઈલ વ્યક્તિત્વને પગલે તેઓ પોતાની અનોખી ઓળખ ધરાવવા સાથે લોકપ્રિયતામાં પણ આગળ હોય કાલે પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હિરપરા દ્વારા પ્રદેશ કિસાન મોરચાની ટીમમાં નવસારી જિલ્લા આનંદભાઈ દેસાઈની પ્રદેશ મંત્રી તરીકે નિમણૂક કરાતા પાર્ટીના કાર્યકરોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

ગણદેવી લોક અદાલતમાં ૩૫ વર્ષથી ચાલતો પરિવારનો વિવાદ સમાધાનથી પૂર્ણ



કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી સિવિલ કોર્ટમાં યોજાયેલી લોક અદાલતમાં ગણદેવી તાલુકા સ્થિત ખેરગામ ગામનાં ભંડારી પરિવારના પાંચ ભાઈઓ વચ્ચે ૩૫ વર્ષથી ચાલતો પરિવારિક દિવાની વિવાદ સમાધાનથી પૂર્ણ થયો હતો. આ લોક અદાલત નવસારી જિલ્લાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.જે. તમાકુવાલા, અધ્યક્ષ ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસિસ ઓથોરિટીનાં માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. પી.ડી.જે. તમાકુવાલાનાં વડપણ હેઠળ ગણદેવી તાલુકા લીગલ સર્વિસીસ કમિટી દ્વારા ગુજરાતના ચીફ જસ્ટિસ તથા ગુજરાત લીગલ સર્વિસ ઓથોરિટી અને નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીના નેજા હેઠળ તેમજ યુનિટ જજ ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ લોક અદાલત યોજાઈ હતી. પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ ગણદેવી ડી.પી. ઓઝાએ સમાધાન પ્રક્રિયા હાથ ધરી અને બંને પક્ષોને સમાધાન તરફ પ્રેરિત કર્યા હતા. તમામ પક્ષોના વકીલો એડવોકેટ તુષાર વશી, એડવોકેટ જીગ્નેશ નાયક અને એડવોકેટ બી.એ. ભંડારીના સહકારથી આખરે લોક અદાલતમાં સમાધાન થયું હતું. વકીલોની મહેનત અને સમજણથી આ લાંબા સમયથી ચાલતો વિવાદ સુખદ અંતે પહોંચ્યો હતો. સમાધાન બાદ પાંચેય ભાઈઓ અને તેમના પરિવારજનોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. આ ઘટના લોક અદાલત દ્વારા વર્ષો જૂના વિવાદો પણ સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલી શકાય છે તેનો ઉત્તમ દાખલો પુરવાર કરે છે.

દ.ગુ.ના મરીન એક્સપોર્ટ ઉદ્યોગને વેગ મળવાની આશા

દિલ્હીમાં મરીન પ્રોડક્ટ્સના નિકાસ સંલગ્ન બેઠકમાં સાંસદ ધવલ પટેલે ભાગ લીધો

વલસાડ : દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ અને રાજ્ય મંત્રી જીતિન પ્રસાદના અધ્યક્ષસ્થાને યોજાયેલી સમુદ્રી ખાદ્ય ઉદ્યોગના વિકાસ અને નિકાસ પ્રોત્સાહન માટે આયોજિત એક ઉચ્ચ સ્તરીય પરામર્શ બેઠકમાં વલસાડના સાંસદ ધવલ પટેલે હાજરી આપી હતી. બેઠકમાં દરિયાઈ ઉત્પાદનોના નિકાસને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈએ લઈ જવા માટે ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકથી ખાસ કરીને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોના મરીન એક્સપોર્ટ ઉદ્યોગને મોટો વેગ મળવાની આશા સેવાઈ રહી છે.

બેઠક દરમિયાન ભારતીય સી-ફૂડ ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બનાવવા માટેની બેઠકમાં મૂલ્યવર્ધન સમુદ્રી ખાદ્ય પદાર્થોમાં પ્રોસેસિંગ અને વેલ્યુ એડિશન વધારીને વિશ્વના બજારમાં વધુ સારી કિંમત મેળવવી, વૈશ્વિક સ્પર્ધાત્મકતા, ભારતીય મરીન પ્રોડક્ટ્સ અન્ય દેશોની સરખામણીએ ગુણવત્તા અને કિંમતમાં સ્પર્ધા કરી શકે તે માટે વ્યૂહરચના ઘડવી, કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસિંગ યુનિટ્સ અને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓમાં સુધારો કરવો, અનુપાલન ધોરણો આંતરરાષ્ટ્રીય સ્તરના ગુણવત્તાના ધોરણો અને કાયદાકીય નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જેથી નિકાસમાં કોઈ અવરોધ ન આવે. સાંસદ ધવલ પટેલે જણાવ્યું કે, બેઠકથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોના મરીન એક્સપોર્ટ ઉદ્યોગને મોટો વેગ મળવાની આશા સેવાઈ રહી છે. વલસાડ જિલ્લો લાંબો દરિયાકિનારો ધરાવતો હોવાથી અહીં મત્સ્યઉદ્યોગની અપાર સંભાવનાઓ રહેલી છે. આ ક્ષેત્રને વધુ વેગવંતુ બનાવવા અને માછીમારોની આર્થિક સ્થિતિ સુધારવા સહિતની રજૂઆત કરી હતી. આ બેઠકથી વલસાડ જિલ્લાના મત્સ્યઉદ્યોગને નવી ગતિ મળશે.

ઉમરગામમાં ગેસ રિફિલિંગ કરનારા બે પકડાયા

ઉમરગામ : ઉમરગામ ગાંધીવાડી દેવધામમાં ગેસ રિફિલિંગ કોભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. ઉમરગામ પોલીસે શુક્રવારે બાતમીના આધારે તહોમતદાર કૃષ્ણઅવતાર લાલચંદ મોરયા અને રામ અવતાર લાલચંદ મોરયા (બંને રહે ઉમરગામ) દેવધામની દુકાનમાં તપાસ કરતા લાયસન્સ મેળવ્યા વગર રાધણગેસ સિલિન્ડરો સરકારના નિયંત્રણ નિર્દિષ્ટ કરવામાં આવેલા રાધણગેસના સિલિન્ડર મેળવી સંગ્રહ કરી સંગ્રહ કરેલા મોટા ગેસ સિલિન્ડરોમાંથી નાના-મોટા ગેસ સિલિન્ડરમાં રિફિલિંગ કરી ઊંચા ભાવે ગ્રાહકોને વેચતા હતા. પોલીસે ગેસના ભરેલા તથા ખાલી સિલિન્ડરો સહિતનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી.

૧૬મી પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ડૉ. કેશવભાઈ રતનજી પટેલ
પૂર્વ મહેસુલ મંત્રી, ગુજરાત રાજ્ય
જન્મ તા. ૨૬-૦૧-૧૯૨૧ સ્વર્ગવાસ તા.૧૫-૦૩-૨૦૧૦

સૌના શ્રદ્ધેય, કોળી સમાજના મસીહા, પ્રખર કેળવણીકાર, ગરીબ-આદીવાસી અને પછાત વર્ગના લોકોના હિતેચ્છુ, વલસાડના અનેક સામાજિક-શૈક્ષણિક અને સહકારી સંસ્થાઓના નિર્માતા, સ્વચ્છ પ્રતિભા ધરાવતા રાજનેતા એવા પરમ વંદનીય આપની ૧૬મી પુણ્યતિથિએ અંતઃકરણથી સ્મરણાંજલિ અર્પીએ છીએ. આપના સત્કર્મોની સુવાસ સદૈવ અમોને પ્રેરણા આપતી રહેશે.

લિ.
ગોવનભાઈ જી. પટેલ-મૂળી (મંત્રી) | મંગુભાઈ આર. પટેલ-કુંડી (ઉપપ્રમુખ) | ડૉ. વિનોદરાય બી. પટેલ (પ્રમુખ)
નટવરલાલ પરાગજી પટેલ-મૂળી, સહમંત્રી | શશીકલાબેન વી. પટેલ, ખજાનચી
ડૉ. જયંતભાઈ આર. પટેલ-વલસાડ ટ્રસ્ટીશ્રી | વિનયભાઈ પી. દેસાઈ-ચણવઈ
શરદચંદ્ર અમૃતલાલ દલાલ-વાપી ટ્રસ્ટીશ્રી | નીતિનભાઈ આર. દેસાઈ-પારડી

શ્રમજીવી સંસ્કાર મંડળ ટ્રસ્ટ, વલસાડ
શ્રમજીવી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, તીથલ રોડ, વલસાડ
શ્રમજીવી વિદ્યામંદિર અને સર્વોદય છાત્રાલય, વલસાડ તથા શાળા પરિવાર

૧૬મી પુણ્યતિથિએ અશ્રુભીનીશ્રદ્ધાંજલિ



સ્વ. ડૉ. કેશવભાઈ રતનજી પટેલ
પૂર્વ મહેસુલ મંત્રી, ગુજરાત રાજ્ય
જન્મ તા. ૨૬-૦૧-૧૯૨૧ સ્વર્ગવાસ તા.૧૫-૦૩-૨૦૧૦

વલસાડ સુગર ફેકટરી, વલસાડ તાલુકા નીરા તાડગોળ ઉત્પાદક સહકારી મંડળી લિ. શ્રમજીવી સંસ્કાર મંડળ વલસાડ, વલસાડ તાલુકા વાંસ સહકારી મંડળી લિ. ના સ્થાપક, વલસાડના વરિષ્ઠ રાજનેતા અને વલસાડ તાલુકા કોળી સમાજના કર્મઠ નેતા એવા મહાન સપૂત ડૉ. કેશવભાઈ રતનજી પટેલને તેમની ૧૬મી પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ. આપના આદર્શો અને સિદ્ધાંતો મુજબના કર્તવ્ય પથ પર ચાલવા પ્રભુ અમોને શકિત આપે એવી પ્રાર્થના !!

લિ.
રિતેશકુમાર જી. ટંડેલ (મંત્રી) | દિનેશભાઈ પી. પટેલ (ઉપપ્રમુખ) | બાબુભાઈ સોમાભાઈ પટેલ (પ્રમુખ)
કારોબારી સમિતિના સભ્યો
ડૉ. અશોકભાઈ એલ. પટેલ-રોણવેલ | તુષારભાઈ આર. પટેલ-ફણસવાડા
મિતેશભાઈ ડી. પટેલ-વશીયર | મહેશભાઈ જે. પટેલ-મરલા | ટીનાબેન પી. પટેલ-મૂળી

ડૉ. કેશવભાઈ પટેલ
વલસાડ તાલુકા નીરા તાડગોળ ઉત્પાદક સહકારી મંડળી લિ.